**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૫/૦૩/૨૦૧૫ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૨૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૧૯ લીટર દેશી દારૂ, ૩૪ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૪ બિયરટીન અને ૦૧ એક્ટિવા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૨૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૨૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૫૨૯/૧૫**

**શાહપુર :** ઇસ્લામખાન બાદરખાન પઠાણ (રહે.મહેસાણીયા વાસ, શાહપુર) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૩/૧૫ નાં કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર આમીરખાન (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.જે.ગઢવી ચલાવે છે.

**શહેરકોટડા :** સંતરામસિંહ ચુન્નીસિંહ ભદોરીયા (રહે.દિલ્લીવાળી ચાલી, નરોડા ફ્રુટ માર્કેટની સામે, નરોડા રોડ) એ તા.૧૪/૩/૧૫ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૩/૧૫ નાં કલાક ૧૨/૪૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી સોમવતી (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.ડી.ભગોરા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૫૩૦/૧૫**

**ઓઢવ :** અશોકભાઇ મગનભાઇ પટેલ (રહે.સનસીટી બંગ્લોઝ, ગોપાલ ચોક, નવા નરોડા) એ તા.૧૪/૩/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૦/૩/૧૫ રાતનાં ૮/૦૦ થી તા.૧૪/૩/૧૫ સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના રોયલવીલા બંગ્લોઝની સ્કીમના કંમ્પાઉન્ડમાંથી લોખંડના ફર્મા નંગ-૩૦૦ અને લોખંડના ગડરો નંગ-૨૦ કુલ કિંમત રૂપિયા ૬૫,૦૦૦/- મતાના કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.ચાવડા ચલાવે છે.

**નારણપુરા :** રામાભાઇ લાખાભાઇ ભરવાડ (ઉ.વ.૬૦)(રહે. અખાબરનગર, એ.એમ.ટી.એસ ડેપોની પાછળ, જવાહરનગરના છાપરા, નવા વાડજ, નારણપુરા) એ તા.૧૪/૩/૧૫ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૧/૩/૧૫ રાતનાં ૯/૩૦ થી ૯/૪૫ વાગ્યા દરમ્યાન પોતાની પત્ની સાથે ઓટોરીક્ષામાં ગોતા ચાર રસ્તાથી અખબારનગર સર્કલ સુધીની મુસાફરી દરમ્યાન, રિક્ષામાં સાથે બેઠેલ ત્રણ અજાણ્યા માણસો (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) તથા રિક્ષા ડ્રાઇવર (જેનુ નામઠામ જાણવા મળેલ નથી) એ ભેગામળી રામાભાઇની પત્નીની નજર ચુકવી તેમની પાસેનાં થેલામાં, પ્લાસ્ટીકના બોક્ષમાં મુકેલ સોનાનો હાર કિમત રૂપિયા ૧,૧૦,૦૦૦/- કાઢી લઇ ચોરી કરી લીધો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આર.ગઢવી ચલાવે છે.

**ઘાટલોડીયા :** રઇબેન દ્વારકાદાસ પટેલ(ઉ.વ.૬૮)(રહે.મનમંદીર સોસાયટી, નિલકંઠ મહાદેવ મંદીર રોડ, ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૩/૩/૧૫ નાં કલાક ૧૦/૦૦ થી ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન ઓટોરીક્ષામાં બેસી જુના વાડજથી પોતાના ઘરે આવતા હતા દરમ્યાન રીક્ષામાં બે અજાણ્યા પુરૂષ તથા એક સ્ત્રી (૩૦ થી ૩૫ વર્ષના આશરાની) એ ભેગામળી રઇબેનની નજર ચુકવી તેમનાં થેલામાં મુકેલ સોનાના દાગીના કિમત રૂપિયા ૮૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એન વિરાણી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :</u>** **<u>સમાચાર યાદી નં.૫૩૧/૧૫</u>**

**નારણપુરા :** રમેશભાઇ હિમતભાઇ સુથાર (રહે.શિવ શક્તિ સોસાયટી, સૌરભ સ્કુલ પાછળ, ભાવસાર હોસ્ટેલ સામે, નવા વાડજ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૩/૧૫ સવારનાં ૭/૧૫ વાગ્યાના સુમારે પોતાની માતા સવિતાબેન (ઉ.વ.૬૭) નાઓ ગોકુલ ડેરી ઉપર દૂધ લેવા જતા હતા દરમ્યાન નવાવાડજ ૧૩૨ ફુટ રીંગ રોડ, પલક ત્રણ રસ્તા પાસે, રસ્તો ક્રોસ કરતા હતા તે વખતે કોઇ અજાણ્યો વાહન ચાલક પોતાનુ વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી સવિતાબહેનને ટકકર મારી, માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરેલ, જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જી.એમ.ગોહીલ ચલાવે છે.

**<u>દાઝી જતાં મૃત્યુ :</u>** **<u>સમાચાર યાદી નં.૫૩૨/૧૫</u>**

**મેઘાણીનગર :** રાણીબેન ભોલેસિંગ રાજપુત (ઉ.વ.૩૦)(રહે.ગોકુલચંદ કસ્તુરચંદની નવી ચાલી, ચમનપુરા) તા.૦૬/૩/૧૫ રાતનાં ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રાયમસ ઉપર તેલમાં પુરી તળતાં હતા દરમ્યાન આકસ્મીક રીતે ગરમ તેલ રાણીબેનનાં મોઢા ઉપર તેમજ હાથ ઉપર પડતાં, શરીરે દાઝી જતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૩/૧૫ રાતનાં ૯/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બી.એમ.નાડીયા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૩૩/૧૫</u>**

**ઓઢવ :** હેતલ ઉર્ફે હિના સવાજી બારોટ (ઉ.વ.૧૭)(રહે.રાજીવનગર, ગુ.હા.બોર્ડ સામે, કઠવાડા રોડ, તા.દસ્ક્રોઇ, જી.અમદાવાદ) એ કોઇ અગમ્ય કારણોસર તા.૧૪/૩/૧૫ બપોરનાં ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.ચાવડા ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.